ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૬.૫ ડીગ્રી
લઘુતમ : ૧૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૨૫ ટકા ● સાંજે ૧૪ ટકા

# ૨૮/૨૯ બસ સ્ટેન્ડ પાસે કારની ટક્કરે બાળકીનું મોત

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના ઘ માર્ગ પર આવેલ ૨૮/૨૯ બસ સ્ટેન્ડ પાસે ગતરોજ માર્ગ પસાર કરી રહેલી એક દશ વર્ષિય કિશોરીને બેફામ જતી કારે ટક્કર મારતા ગંભીર ઈજા પહોંચી હતી. ગંભીર રીતે ઘાયલ કિશોરીને તાત્કાલીક ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. પરંતુ સારવાર દરમ્યાન તેણીનું મોત નિપજ્યુ હતું. બનાવ અંગે સે-૨૧ પોલીસે અજાણ્યા કાર ચાલક વિરૂધ્ધ ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો મળતી માહિતી મુજબ શહેરના ઘ-૭ પાસે આવેલ ચરેડી છાપરામાં રહેતી અને સેકટર-૨૯ ની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી જયોતિ મહેશભાઈ વઢીયારી ગતરોજ શાળાના રિષેશ સમયમાં ઘ માર્ગ પર ઉભી રહેતી સોડાની લારી પર સોડા પીવા માટે ગઈ હતી. તે દરમિયાન ઘ માર્ગ પરથી પુરપાટ ઝડપે પસાર થઈ રહેલી કારની ટક્કર જયોતિને વાગી હતી. અકસ્માત સર્જાતા નાગરીકો મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા. કારની ટક્કરને પગલે કિશોરી ઈજાગ્રસ્ત બનતા તાત્કાલીક ગાંધીનગર સિવિલ ખાતે લઈ જવાઈ હતી. જયાં સારવાર દરમિયાન ગંભીર ઈજાને પગલે બાળકીનું મોત નિપજયુ હતું.બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ગુનો નોંધાતા પીએસઆઈ બી.જી. યાદવ વધુ તપાસ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર શહેરના ચકાચક માર્ગો પર બેફામ ગતિએ દોડતા વાહન ચાલકો અકસ્માત નોંતરે છે. શહેરમાં સર્જાતા અકસ્માતને પગલે નિર્દોષ નાગરીકોને જીવ ખોવાનો વારો આવે છે ત્યારે વાહનચાલકો રોકેટ ગતિએ વાહનો હંકારે છે તેવા ચાલકો સામે ટ્રાફિક પોલીસે પણ દંડનીય કાર્યવાહી કરવાની તાતિ જરૂરીયાત ઉભી થવા પામી છે.

## આઈ લવ માય ગાંધીનગર



**ભગવાનભાઈ કા ગોહેલ**
**પ્રમુખ, ગાંધીનગર શહેર મોચી સમાજ**

**ગાંધીનગર ગમે**

આયોજનપૂર્વક બનાવેલ શહેરમાં પુષ્કળ વૃક્ષો હોવાથી પ્રદૂષણ મુક્ત, શુદ્ધ હવા મળે છે. સારા અને પહોળા રસ્તાઓ, ગટર અને પાણી તથા જાહેર વીજળીની સુંદર અને નિયમિત સગવડના કારણે ગમે છે.

**નગરજનો**

અહીં વસનારા મોટાભાગે નોકરિયાત અને શિક્ષિત હોવાથી નાતજાતના ભેદભાવ વગર બધા હળીમળીને સાથે રહે છે. અહીં વરિષ્ઠ નાગરિકો વિશેષ હોવાથી તેમની બૌદ્ધિકતાનો લાભ નગરજનોને વિશેષ રીતે મળતો રહે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

રાજ્યનું પાટનગર હોવાના નાતે શહેરમાં અક્ષરધા મજેવી ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરતી અનેક સંસ્થાઓ આવેલ હોવાથી શહેર સતત ઉત્સવો અને સાંસ્કૃતિક પ્રવૃત્તિથી ધમધમતું રહે છે. નગરજનોને ધાર્મિકતાની સાથે ઉચ્ચ કક્ષાનું નિર્દોષ મનોરંજન પણ મળી રહે છે. કલ્ચરલ ફોરમ, જુસિકા, સાઈકલ શૅરીંગ, પુસ્તક પરબની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

યુવાનો આયોજનપૂર્વક શ્રમદાન દ્વારા બાગ-બગીચા અને શહેરને સ્વચ્છ રાખવામાં મદદ કરી શકે. એ જ રીતે વરિષ્ઠ નાગરિકો મંદિર કે બેઠકો પાસે છાપાં અને માસિકો ઉપલબ્ધ કરાવીને લોકોને વાંચતા કરી શકે. સરકાર દ્વારા રેલ સેવા વધારવામાં આવે તો શહેરનો વિકાસ વધુ થઈ શકે તેમ છે. સ્થાનિક બસ સેવા પૂરા શહેરમાં હોય તેવા આયોજનની જરૂર છે.

**નગર માટે હું કરી શકું**

શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે ઘણા લોકો તૈયાર છે. એમને એક સૂત્રે બાંધીને કામ કરી શકે તેવી સંસ્થાની જરૂર છે. આ માટે હું મારું પૂરું યોગદાન આપવા તૈયાર છું ને રહીશ.

# શહેરમાં શ્રમજીવી વર્ગના બાળકો માટે અનોખી ‘ચેરિટિ ક્રિકેટ લીગ’ ટુર્નામેન્ટનું આયોજન

ગાંધીનગર, તા.૧૬

ઉનાળુ વેકેશન આવે એટલે તુરંત જ દરેક રમતપ્રેમીને ક્રિકેટ યાદ આવે કારણ કે આ સમયગાળામાં ભારતમાં ક્રિકેટના પ્રોફેશનલ વર્ઝન આઈપીએલ યોજાય છે. ખૂબ જ ઝાકમઝોળ અને અરબો રૂપિયાના ખર્ચે યોજાતી આ ટૂર્નામેન્ટ એક અર્થમાં નાણાના ખેલ સમાન જ છે. જો કે ગાંધીનગરમાં આ વેકેશન દરમિયાન એક અનોખી ક્રિકેટ લીગ ટૂર્નામેન્ટનું આયોજન થવાનું છે. જેમાં શહેરની પ્રાથમિક શાળાના જરૂરિયાતમંદ બાળકોની ટીમો ટકરાશે. આ ટૂર્નામેન્ટ સંપૂર્ણપણે ચેરિટિ ટૂર્નામેન્ટ રહેશે.

ગાંધીનગરના યુવાનો દ્વારા ચલાવાતી સ્વૈચ્છિક સંસ્થા ‘આપણું ફાઉન્ડેશન’ દ્વારા આ ચેરિટિ ક્રિકેટ લીગનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટૂર્નામેન્ટ તા. ૨૨મી એપ્રિલથી તા. ૩૦મી એપ્રિલ દરમિયાન યોજાશે. જેમાં ગાંધીનગરની ૩૨ સરકારી પ્રાથમિક શાળાના ધો-૪ થી ધો-૮માં અભ્યાસ કરતા બાળકોની ટીમો ભાગ લેશે. આ ટૂર્નામેન્ટનો હેતુ સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારના બાળકોને શાળાએ નિયમિત જવા પ્રોત્સાહિત કરવા સાથે તેમના રમત કૌશલ્યને નિખારવા તક આપવાનો છે. આ ટૂર્નામેન્ટમાં તમામ શાળામાં નિયમિત હાજરી આપતા અને ભણવામાં હોંશિયાર હોય તેવા વિદ્યાર્થીઓને ટીમમાં સ્થાન આપવામાં પ્રાધાન્ય અપાશે. કુલ ૩૨ શાળામાંથી પ્રથમ કવોલીફાઈ રાઉન્ડ દ્વારા ૧૬ ટીમોને લીગ મેચ માટે પસંદ કરાશે. આ લીગ રાઉન્ડમાં પસંદ થનાર ટીમની આઈપીએલની જેમ સ્પોન્સરશીપ અપાશે જેના દ્વારા આ ટીમના ખેલાડીઓને ટી શર્ટ, ટ્રેકશુટ, બુટ-મોજા અને કેપ આપવામાં આવશે જેના પર ટીમ સ્પોન્સરનો લોગો હશે. લીગ રાઉન્ડ બાદ કવાટર ફાઈનલ, સેમી ફાઈનલ અને ફાઈનલ મેચ રમાશે. વિજેતા ટીમને ટ્રોફી ઉપરાંત મેન ઓફ ધ સીરીઝ, બેસ્ટ બેટસમેન, બેસ્ટ બોલર જેવા ઈનામો-ટ્રોફીઓ એનાયત કરાશે. આ ટૂર્નામેન્ટમાં ખેલાડીઓ માટે હળવો નાસ્તો, ડ્રિંક્સ માટે વિવિધ શકિતવર્ધક જયુસ, પીણાં વગેરેની સુવિધા અપાશે જેનો સંપૂર્ણ ખર્ચ આયોજક ભોગવશે.

આ ટૂર્નામેન્ટમાં શાળા કે ટીમના ખેલાડીઓ પાસેથી કોઈ પણ પ્રકારની ફી લેવામાં નહી આવે પરંતુ ટીમ સ્પોન્સર તથા અન્ય સ્પોન્સર્સ દ્વારા આવક ઉભી કરી તેનો ઉપયોગ આ ખેલાડીઓને ડ્રેસીંગ તથા શુઝ કીટ તથા ઈનામો માટેની વ્યવસ્થા કરાશે. ટૂર્નામેન્ટમાં એક મેઈન ટાઈટલ સ્પોન્સર રહેશે તથા ૧૬ ટીમ સ્પોન્સર રહેશે. આ ઉપરાંત બેનર, ટ્રોફી, કીટ, બેટ, બોલ, સ્ટમ્પ્સ વગેરેની પણ સ્પોન્સરશીપ આપવામાં આવનાર છે. ટૂર્નામેન્ટમાં ટેનિસ બોલથી મેચ રમાડાશે. સમગ્ર ટૂર્નામેન્ટનું આયોજન આપણું ફાઉન્ડેશન દ્વારા સ્કાય ગૃપ, ગૂંજ ફાઉન્ડેશન, હેપ્પી યુથ કલબ સહિત અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સંયુકતપણે આયોજિત કરાઈ રહી છે.

### સ્પોન્સરશીપ માટે આહવાન

શહેરના આર્થિક રીતે નબળા અને શ્રમજીવી વર્ગના બાળકોને પ્રોત્સાહિત કરવા આયોજિત ટૂર્નામેન્ટમાં દાન તથા સ્પોન્સરશીપ માટે આયોજકોએ નગરના દાતાઓ તથા વ્યાપારિક એકમોને આહવાન કર્યું છે. આ માટે ઈચ્છુકોને ૯૪૨૯૯૬૬૭૫૪, ૯૦૩૩૫૯૦૯૧૬ પર સંપર્ક સાધવા જણાવાયું છે.



વસંતઋતુના આગમન સાથે જ શહેરના રાજમાર્ગો પર ગરમાળાના વૃક્ષો પર ફુલો ખિલી ઉઠતાં અનેરી શોભા સર્જે છે. આ ફુલોના પરિપાકરૂપે સરસ મજાની લાંબી લાંબી સીંગો તૈયાર થાય છે અત્યારે નગરની વનરાજીમાં ગરમાળાની આ સીંગો તેના આકર્ષક દેખાવ થકી નયનરમ્ય દ્દશ્ય સર્જી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ સીંગો આયુર્વેદિક મહત્વ પણ ધરાવે છે.

## ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા ‘કૈકેયી’ નાટક યોજાશે

ગાંધીનગર, તા.૧૬

આર્યાવર્તની આગવી અસ્મિતાને આબાદ રાખનાર રાજનીતિજ્ઞ, સન્નારી, વીરાંગના કૈકેયીને નવા જ દષ્ટિકોણથી આલેખનાર ગુજરાતના સુપ્રસિધ્ધ સાહિત્યકાર દોલત ભટ્ટની નવલકથા ‘કૈકેયી’ નું નાટય રૂપાંતર અને દિગ્દર્શન કરનાર ગુજરાતના સુવિખ્યાત નાટવિદ-અભિનેતા રાજુ બારોટના સૌજન્યથી તા. ૧૯-૩-૨૦૧૭ને રવિવારે બપોરે ૩.૦૦ વાગ્યે નાથીબા કોમર્સ કોલેજના ઓડીટોરિયમમાં ઐતિહાસિક નાટક ‘કૈકેયી’નું મંચન થશે. તેમાં સૌ નાટયરસિકોને ઉપસ્થિત રહેવા માટે ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ ભરત કવિ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## @ગાંધીનગર

● મીનાબજારના વેપારીઓના માલ-સામાન તેમજ ચીજવસ્તુઓની સુરક્ષાને લઈ બપોરે ૨.૦૦ કલાકે વેપારીઓની બેઠક યોજાશે.

● ગુજરાત અનુ. જાતિ અતિપછાત વિકાસ નિગમ દ્વારા માર્ગ સલામતી અને સુરક્ષા અંતર્ગત વાહન વ્યવહાર વિભાગના સહયોગથી જ્ઞાન શિબિર બપોરે ૧ કલાકે સે-૧૨ ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં દિવસ દરમિયાન ગરમીનું પ્રમાણ વધુ અને રાત્રિ દરમિયાન ઠંડીનું પ્રમાણ વધુ રહેતુ હોવાથી બેવડી ઋતુના મારમાં નગરજનો પીડાઈ રહ્યાં છે. આ બેવડી ઋતુના કારણે મચ્છરોનો ત્રાસ પણ સતાવી રહ્યો છે જેથી વાઈરલ બિમારીઓના દર્દીઓની સંખ્યા વધી રહી છે.

● શહેરમાં પરીક્ષાઓના પ્રારંભ તથા છુટવાના સમયે શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ ટ્રાફીકની જમાવટ વધુ રહે છે. આ ઉપરાંત આ વિસ્તારોમાં પરીક્ષાના સમયગાળા દરમિયાન ખાણી પીણીની લારીઓ પણ અડિંગા જમાવી રહી છે.

# ધુળેટી પર્વ નિમિત્તો બોરીજ ખાતે યોજાયેલ નાટક તથા સાંસ્કૃતિક કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૬

બોરીજ ગામ ખાત ખાંટવાસમાં ધુળેટી પર્વની ઉજવણી પ્રસંગે જન જાગૃતિ નાટક યોજવામાં આવ્યું હતું જે બેટી બચાવો અને વ્યસન મુકિતનો સંદેશો પાઠવતું હતું. આ નાટક ‘રિન્કુ મારી વ્હાલી દીકરી’ સ્થાનિક કલાકારોએ ભજવ્યું હતું તેમજ બોરીજ ગામની શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા નૃત્ય પણ રજુ કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો અને મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે લોક ગાયક અજીત ઠાકોર તથા લોક ડાયરાના કલાકાર ભીખાભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા આ નાટક વિક્રમજી ખાંટ, વિક્રમ ઠાકોર, નીતીન ભટાડા, ભરત ખાંટ, કાનાજી ઠાકોર, સોમાજી ખાંટ, કાપાજી ઠાકોર, શૈલેષભાઈ, સુરેશભાઈ તેમજ નાટકમાં સંગીત ટીમમાં અજય ઠાકોર, ઈશ્વર ઠાકોર તથા ગોગા સાઉન્ડના રાજુભાઈનો સહયોગ મળ્યો હતો.

તેમજ સાંસ્કૃતિક પ્રોગ્રામની શાળાની વિદ્યાર્થીનીઓ વૈશાલી, જાગૃતિ, સંજના, પુનમ, મિતલ તેમજ સોનલ વગેરેએ પ્રસ્તુતી કરી હતી. વિદ્યાર્થીનીઓનું આકાશ સમાજ સેવા ટ્રસ્ટ સંગીત નાટક અકાદમીની માન્ય કલા સંસ્થા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મહેમાનો, ગ્રામજનો અને શાળાની વિદ્યાર્થીનીઓએ કાર્યક્રમને નિહાળ્યો હતો તેમજ બેટી બચાવો સંદેશાને આવકાર્યો હતો.

# ટેલિફોન લોક અદાલત વાસ્તવિક લોક અદાલત બને તેવી રજુઆત

ગાંધીનગર, તા.૧૬

ભારત સંચાર નિગમ તરફથી ટેલિફોન લોક આદાલત તા. ૨૭મી માર્ચના રોજ યોજાનાર છે. જેનો સમય બપોરે ૧૨.૦૦ કલાક છે. જેમાં સીનીયર સીટીઝનો રજુઆત માટે આવતા હોય છે. ઉનાળાની સખત ગરમી પડવાની શરૂઆત થઈ ગઈ છે ત્યારે આ સમય બપોરે ૩.૩૦ કલાકનો કરાય તેવું સૂચન કરવામાં આવ્યું છે. વળી લોક અદાલતમાં સીનીયર સીટીઝનો વધુ આવતા હોય છે. બપોરનો સમય હોવાથી લોક અદાલતમાં રજુઆત માટે સંખ્યા નહીવત આવતી હોય છે જેથી ખરેખર ફરિયાદોની રજુઆત ઓછી મળે છે.

ટેલિફોન અદાલત અગાઉ જે યોજાઈ ગઈ છે તેમાં મળેલ ફરિયાદો/સૂચનોની પ્રતિક્રિયાનો કોઈ પ્રત્યુત્તર ટેલિફોન ધારકને મળતો નથી તો તે પણ આપવામાં આવે તેવું નમ્ર સૂચન કરવામાં આવ્યું છે.

ટેલિફોનની લોક અદાલત ફકત એક ડ્રામા બને છે તેવી પરિસ્થિતિનું નિર્માણ ન થવું જોઈએ. ટેલીફોન બિલમાં છુપો ભાવવધારો કરાય છે જે અંગે અખબારોમાં જાહેરાત કે સમાચાર અપાતા નથી. લોકઅદાલતમાં તમામ સાથે સરખી નિતી રાખવી જોઈએ. ટેલિફાને ડીપોઝીટ પર વ્યાજ આપવું જોઈએ અથવા વળતર આપવાની જોગવાઈ કરવી જોઈએ. આ પ્રમાણે ઉપરોકત રજુઆત ગાંધીનગર સીનીયર સીટીઝન હર્ષદભાઈ ગાંધીએ કરીને જણાવેલ છે.

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા વૈદિક ગણિતની પરીક્ષા યોજાઈ

ગાંધીનગર, તા.૧૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સેકટર-૨૩ કડી કેમ્પસ દ્વારા પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે વૈદિક ગણિતની પરીક્ષાનું આયોજન થયું. એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, જે. બી. પ્રાથમિક શાળા, આર.એન. પ્રાથમિક શાળા, એમ.બી. પ્રાથમિક શાળા, સી.એમ.સેકન્ડરી હાયર સેકન્ડરી સ્કૂલ, આર.સી. સેકન્ડરી હાયર સેકન્ડરી સ્કૂલ, આર.જી. કન્યા સેકન્ડરી હાયર સેકન્ડરી સ્કૂલના લગભગ ૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓની વૈદિક મેથ્સની પરીક્ષાનું આયોજન તા-૯-૦૩-૨૦૧૭ને ગુરુવારના રોજ થયું હતું.

# સ્માર્ટ પાટનગરની કોખમાં પાણી વિના ટળવળતી વસાહત

**ક-૭ સર્કલ નજીક ચેહરનગર વસાહતને પીવાના પાણી ઉપરાંત સ્ટ્રીટલાઈટ, શૌચાલય જેવી પાયાની સુવિધાઓ પ્રાપ્ત નથી : પેથાપુર નગરપાલિકાની હદમાં આવતી હોવાથી સૂડી વચ્ચે સોપારીની જેમ પિસાઈ રહી છે : અનેક સ્તરે રજૂઆત છતાં કોઈ જ ઉકેલ નથી**

ગાંધીનગર, તા.૧૬

દેશમાં ૧૦૦ સ્માર્ટસીટી તૈયાર કરવાના સ્વપ્રદષ્ટા વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આરંભાયેલ પહેલના પ્રથમ ચરણમાં ગાંધીનગરને દેશનું પ્રથમ સ્માર્ટ કેપિટલ સીટી તરીકે વિકસાવવાની જાહેરાતો સાંભળવા મળી રહી છે. જો કે ગાંધીનગર સ્માર્ટ સીટી બનશે ત્યારે બનશે પરંતુ હાલ દેશમાં વિકાસનું મોડેલ સ્ટેટ કહેવાતા પાટનગરના પડખામાં જ આવેલ એક વસાહતને પ્રાથમિક સુવિધાઓ જેવી કે પીવાનું પાણી, સ્ટ્રીટ લાઈટ કે શૌચાલય પણ નસીબમાં નથી. છેલ્લા કેટલાય વર્ષોથી આ સુવિધાઓ માટે વારંવાર વિવિધ સ્તરે રજૂઆતો કરી થાકેલા આ વસાહતના વસાહતીઓ ફરી એકવાર ઉનાળાની ગરમીના પ્રારંભ સાથે કફોડી પરિસ્થિતિમાં મુકાયા છે અને આવનાર ઉનાળો દોઝખભર્યો સાબિત થશે તે વિચારે ફફડી ઉઠયા છે.

ગાંધીનગરના રોડ નં. ૭૫ર સેકટર-૨૬ની સામે ક-૭ સર્કલ નજીક આવેલ ચેહરનગરથી ઓળખાતી આ વસાહતમાં હાલ ૬૦થી વધુ પરીવારો કાયદેસરનો વસવાટ કરે છે. આ વસાહત ભૌગોલિક રીતે પેથાપુર નગરપાલિકાની હદમાં આવે છે પરંતુ તે પેથાપુરથી દૂર અને ગાંધીનગરને અડીને આવેલી છે તે જ તેમનું કમનસીબ છે. અહીં તો એ છે કે છેલ્લા કેટલાય વર્ષોથી આ બાબતે વસાહતીઓ પેથાપુર નગરપાલિકામાં નિયમિત તમામ વેરો જેમાં પાણીવેરો, લાઈટવેરો, વસાહતીઓ માટે પીવાના પાણીનો પ્રશ્ન મ્હોં ફાડીને ઉભો છે. હાલ આ વસાહતને પાણીના ટેન્કર દ્વારા પાણી પુરું પડાય છે ઉપરાંત રાજય સરકાર દ્વારા માત્રને માત્ર ‘ચલકચલાણી’ની રમત જ રમાડતા હોય તેમ ‘પેલે ઘેર ધાણી’ જેવો ઘાટ સર્જાયો છે. વર્ષ



ગત લોકભાની ચુંટણીઓ પહેલા ભાજપના ઉમેદવારો જો તેઓ જીતશે તો તુરંત જ આ પ્રશ્ન ઉકેલશે તેવી ખાત્રી આપી તેમને મત આપવા વિનંતી કરી હતી. ચૂંટણી જીત્યા પછી હવે ધારાસભ્ય આ તરફ ડોકાતા જ નથી અને હવે ટર્મ પુરી થવા આવી છતાં અમારો પ્રશ્ન વણ ઉકેલ્યો છે.

**- લલ્લુભાઈ દેસાઈ**

અમારે ઢોર-ઢાંખર પણ હોવાથી પાણીની જરૂરિયાત વધુ રહે છે. પાણી માટે અમારે સેકટર-૨૬ની સોસાયટીઓ કે જીઆઈડીસી સુધી ચાલીને જવું પડે છે અને ઘણીવાર તો ત્યાંથી પણ હડસેલી દેવામાં આવે છે.

**- ગંગાબેન દેસાઈ**

પાણીનું ટેન્કર ૩-૪ દિવસે આવે છે એટલે ખુબ પરેશાની થાય છે. વળી, સ્ટ્રીટલાઈટ કે શૌચાલય ના હોવાથી અમારી દિકરીઓની સલામતી અને ઈજજતનો પ્રશ્ન અમને ખૂબ મૂંઝવે છે.

**- રશુબેન દેસાઈ**

અત્યાર સુધી પેથાપુર નગરપાલિકા હોય, ગુડા હોય, જીઆઈડીસી હોય, પાટનગર યોજના વર્તુળ હોય કે સરકારના મંત્રીઓ, અને ધારાસભ્ય સુધ્ધાં તમામે અમને ઠાલા વચનો જ આપ્યા છે. અમારી પરિસ્થિતિને સમજી કોઈ ઉકેલ માટે પ્રયત્નો કરાયા નથી.

**- કનુભાઈ દેસાઈ**

અમે પણ આ દેશના નાગરિક છીએ અને રાજયના પાટનગરની ઓથમાં રહીએ છીએ, કાયદેસરના તમામ વેરા ભરીએ છીએ આમ છતાં અમારી સાથે આવું ઓરમાયું વર્તન કેમ?

**- ઈશ્વરભાઈ દેસાઈ**

વર્ષો જુની વસાહત હોવા છતાં આ પરિવારોને ભારતીય બંધારણમાં દર્શાવેલ મૂળભૂત અધિકારો સામી પાયાની સુવિધાઓ જેવી કે પીવાનું પાણી, સ્ટ્રીટ લાઈટ, રોડ રસ્તા તથા જાહેર શૌચાલય વગેરેમાંથી કંઈ પણ પ્રાપ્ત નથી. આશ્ચર્યની વાત સફાઈવેરો વગેરે સામેલ છે તે ચુકવી રહ્યા છે પરંતુ બદલામાં તેમને માત્ર ઠાલા વચનો અને વિશ્વાસઘાત સિવાય કશું જ મળ્યું નથી. એક તરફ જયારે આકાશમાંથી કાળઝાળ ગરમી વરસાવતો ઉનાળો આંગણે આવીને ઉભો છે ત્યારે આ પરંતુ તે પણ અનિયમિત રીતે બે ત્રણ દિવસે એકવાર આવે છે જેના કારણે આ પરિવારોની હાલત અત્યંત દયનીય બનવા પામી છે.

ચેહરનગર વસાહતને પાણી પુરું પાડવા બાબતે પેથાપુર નગરપાલિકા, પાટનગર યોજના વર્તુળ, ગુડા, જીઆઈડીસી ૨૦૧૧માં તા. ૫મી જુલાઈએ તત્કાલીન પાણી પુરવઠા મંત્રી પરબતભાઈ પટેલને આ બાબતે લેખિત રજૂઆત કરાઈ હતી. ત્યારબાદ તા. ૨૮મી જુન ૨૦૧૬ના રોજ તત્કાલીન પાણી પુરવઠો, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીના કાર્યાલયથી લેખિતમાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડને આ પ્રશ્ન તાકીદે હલ કરવા કાર્યવાહી કરવા અનુરોધ કરાયો હતો. તા. ૩૦મી ઓગષ્ટ ૨૦૧૪ના રોજ પેથાપુર નગરપાલિકાએ ઠરાવ કરી ઉતર ગુજરાત વીજ કંપની દ્વારા વીજ પુરવઠો આપવા ઠરાવ્યું હતું. છેલ્લે વર્ષ ૨૦૧૬માં તા. ૭મી જુલાઈએ મુખ્યમંત્રીના પંચાયત ખાતાના સંસદીય સચિવની અધ્યક્ષતામાં યોજાયેલ બેઠકમાં સ્થાનિક ધારાસભ્ય, પેથાપુર નગરપાલિકાના પ્રમુખ તથા ચીફ ઓફિસર, પાટનગર યોજના વર્તુળના કાર્યપાલક ઈજનેર, જીઆઈડીસીના રિજિયોનલ મેનેજર તથા ચેહરનગર વસાહતના પાંચ પ્રતિનિધિઓ સાથે એક બેઠકમાં સર્વાનુમતે ગાંધીનગર જીઆઈડીસી તથા પાટનગર યોજના વર્તુળને સંકલનમાં રહી નજીકથી પસાર થતી પાઈપલાઈનમાંથી પાણી પુરવઠો પુરો પાડવા ઠરાવાયું હતું. પરંતુ આજ દિન સુધી તેનો કોઈ જ અમલ થયો નથી. હાલ તો ચેહરનગર વસાહતના વસાહતીઓ કયારે પાણી મળશે તેની કાગડોળે રાહ જોઈ પ્રશ્ન કરી રહ્યા છે કે શું આવું જ હશે સ્માર્ટ કેપિટલ સીટી?

## સેકટર-૨૩ શોપિંગ સેન્ટર પાસેથી રીક્ષા ચોર ઝડપાયો

ગાંધીનગર જિલ્લામાં વાહનચોરીના બનાવો બનતા અટકાવવા માટે તેમજ બનેલા ગુન્હાઓ શોધી કાઢવા માટે જિલ્લા એસપી વિરેન્દ્રસિંહ યાદવે સુચના કરતા ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ પી.બી.ચૌહાણે સાથી કર્મચારીઓને આ દિશામાં કામગીરી માટે સઘન પોલીસ પેટ્રોલીંગ કરવા જણાવ્યું હતું. તે દરમિયાન એલસીબી પીએસઆઈ કે.એ.પટેલ તેમજ હે.કો. સંદીપકુમાર મહેન્દ્રભાઈ, જીગ્નેશકુમાર કનુભાઈ, દિગ્વિજયસિંહ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સે-૨૩ શોંપીંગ સેન્ટર પાસેથી રીક્ષા નં. જી.જે.૧.ડી.વી.૩૧૭૫ લઈને શૈલેષ રમણભાઈ કિશ્ચયન ઉં વ.૪૧, હાલ રહેઠાણ-પ્લોટ નં.૨૯૧-૨ સેકટર-૫એ, મુળ રહે. હાથીજણ, તા-દસક્રોઈ, જી- અમદાવાદ પસાર થઈ રહ્યો હતો ત્યારે પોલીસે રીક્ષા થોભાવીને પુછપરછ કરતા તે રીક્ષા અંગેના જરૂરી દસ્તાવેજ બતાવી શકયો ન હતો. અને આ રીક્ષા તેણે ભાડે લીધેલ હોવાનું જણાવ્યું હતું. પરંતુ પોલીસે રેકોર્ડ ચેક કરતા આ રીક્ષા અમદાવાદ સોલા વિસ્તારમાંથી ચોરાઈ હોવાનું ધ્યાને આવ્યું હતું. અને આ અંગેની ફરિયાદ પણ સોલા પોલીસ મથકે નોંધાયેલી છે. જેથી પોલીસે કિ. રૂ.૮૦,૦૦૦ની રીક્ષા અને શૈલેષ રમણભાઈ ક્રિશ્ચિયન સામે કાયદેસરની કાર્યવાહી કરી સેકટર-૨૧ પોલીસને સોંપવામાં આવેલ છે.

## શંકરસિંહ બાપુ આયુર્વેદ હોસ્પિટલ દ્વારા ૧૮મીએ નિ:શુક નિદાન કેમ્પ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર પાસે આવેલી શંકરસિંહ વાઘેલા બાપુ આયુર્વેદ હોસ્પિટલ વાસન તરફથી તા. ૧૮-૩-૨૦૧૭ના રોજ વિદ્યાર્થીઓ અને તા. ૧૯-૩-૨૦૧૭ના રોજ ગ્રામજનો માટે સવારે ૧૦.૦૦ થી ૧૨.૩૦ કલાક સુધી પ્રાથમિક શાળા વાસન (વાસણિયા મહાદેવ) ખાતે નિ:શુલ્ક નિદાન કેમ્પ યોજાશે. તેમાં પધારવા ભાવભર્યું આમંત્રણ ડૉ. મયુર પટેલ દ્વારા પાઠવવામાં આવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. જયોતિબેન મહેશભાઈ વઢીયારી, ઉ.વ. ૯
- સ્વ. જશોદાબેન ગુડાલાલ ચૌહાણ, ઉ.વ. ૭૮
- સ્વ. જયરાજ ચક્રપાણી ફુલપગાર, ઉ.વ. ૬૧
- સ્વ. જયોતિબેન મહિપતરાય મહેતા, ઉ.વ. ૬૪
- સ્વ. સાવિત્રીબેન સુરેશકુમાર આચાર્ય, ઉ.વ. ૬૨